**Shri Govind Guru University, Godhra**
(Established Vide Gujarat Act No. 24/2015)

**શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા**
(ગુજરાત એકટ નં.૨૪ દ્વારા સ્થાપિત)
સરકારી પોલીટેકનિક કેમ્પસ, ગદુકપુર, ગોધરા, જિ.પંચમહાલ–૩૮૯૦૦૧

નં. એકેડેમિક/૨૪૭૭/૨૦૨૦ તા.૩૦/૦૭/૨૦૨૦

પરિપત્ર: ૨૧૦૯

વિષય : શોધ યોજના હેઠળ પસંદગી પામેલ વિદ્યાર્થીઓએ હાજરી રીપોર્ટ, સતત મૂલ્યાંકન અહેવાલ અને પ્રોગ્રેસ રીપોર્ટ જમા કરાવવા બાબત.

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ખાતે પીએચ.ડી. કોર્સમાં નોંધાયેલા સંશોધાનાર્થીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:બજટ/૨૦૧૯/ન.બા.૬૪૭/ખ-૧, તા.૦૫/૦૮/૨૦૧૯ અન્વયે શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યમાં આવેલી માન્ય યુનિવર્સિટીઓમાં પીએચ.ડી. કોર્સમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ પૈકી ગુણવત્તાયુક્ત સંશોધન કરનાર વિદ્યાર્થીઓને આર્થિક સહાય પૂરી પાડવા "શોધ" (Scheme of Developing High Quality Education) યોજન શરૂ કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ પસંદગી પામેલ વિદ્યાર્થીઓએ હાજરી રીપોર્ટ, સતત મૂલ્યાંકન અહેવાલ અને પ્રોગ્રેસ રીપોર્ટ જમા કરાવવાની સૂચના આ સાથે સામેલ છે. જેનો અમલ કરવા જણાવવામાં આવે છે. સમયમર્યાદામાં જે વિદ્યાર્થીઓ હાજરી રીપોર્ટ, સતત મૂલ્યાંકન અહેવાલ અને RDC માં રજૂ કરેલ રીપોર્ટ ઓનલાઈન અપલોડ કરવામાં અસમર્થ રહેશે સ્ટાયપેંડનું ચુકવણી કરવામાં આવશે નહિ, જે બાબતે યુનિવર્સિટી જવાબદાર રહેશે નહિ જેની નોંધ લેશો.

કા.કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
ગોધરા

બિડાણ: ઉપર મુજબ

પ્રતિ,
- શોધ યોજન હેઠળ નોંધાયેલ તમામ વિદ્યાર્થીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારું.

## સ્કીમ ઓફ ડેવલપિંગ હાઈ ક્વોલિટી રીસર્ચ (શોધ યોજના)

### શોધ યોજના હેઠળ પસંદગી પામેલ વિદ્યાર્થીઓએ હાજરી રિપોર્ટ, સતત મૂલ્યાંકન અહેવાલ અને પ્રોગ્રેસ રિપોર્ટ જમા કરાવવા માટેની સૂચનાઓ

શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યમાં આવેલી માન્ય યુનિવર્સિટીઓમાં પી.એચ.ડી. કોર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ પૈકી ગુણવત્તા યુક્ત સંશોધન કરનાર વિદ્યાર્થીઓને આર્થિક સહાય પૂરી પાડવા "શોધ"(Scheme of Developing High Quality Education) યોજના શરુ કરવામાં આવેલ છે. આ માટે શિક્ષણ વિભાગ દ્વારા તા. ૦૫-૦૮-૨૦૧૯નો ઠરાવ ક્રમાંક બજટ/૨૦૧૯/ન.બા.૬૪૭/ખ-૧ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત લાભ પ્રાપ્ત કરતા વિદ્યાર્થીઓ પાસેથી ઓનલાઈન અરજીઓ mysy.guj.nic.in/shodh પોર્ટલ પર મંગાવવામાં આવેલ હતી. જે અન્વયે જે તે યુનિવર્સિટી નોડલ ઓફિસર દ્વારા વેરીફાય કરી લાયક ઠરાવવામાં આવેલ અરજીઓને કેસીજીની સ્ક્રુટીની સમિતિ સમક્ષ રજુ કરવામાં આવેલ હતી. કેસીજીની સ્ક્રુટીની સમિતિ એ નિયત કરેલ ગુણવત્તાના ધોરણોને આધારે અરજીઓ મંજુર/ નામંજૂર કરવામાં આવેલ હતી. જે વિદ્યાર્થીઓની અરજીઓ સ્ક્રુટીની સમિતિ દ્વારા મંજુર કરવામાં આવેલ હતી તેઓની યાદી ઉક્ત પોર્ટલ પર તા. ૦૯-૦૬-૨૦૨૦ ના રોજથી ઉપલબ્ધ કરાવવામાં આવેલ હતી.

શિક્ષણ વિભાગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ શોધ યોજનાનાં ઠરાવમાં જણાવ્યા અનુસાર આ યોજના હેઠળ લાભ પ્રાપ્ત કરતા વિદ્યાર્થીઓએ વિદ્યાર્થીની યુનિવર્સિટીના જે તે વિભાગમાં નિયમિત રીતે ઓછામાં ઓછા ૭૫% હાજરી આપેલી હોવી જોઈએ. આ અંગે વિભાગના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ(HOD) અને પી.એચ.ડી. ગાઈડનું પ્રમાણપત્ર દરેક માસના તથા દરેક સત્રના અંતે વિદ્યાર્થીએ જમા કરાવવાનું થાય છે. આ માટે વિદ્યાર્થીએ પોતે પ્રયત્ન કરી પ્રમાણપત્ર મોકલવાનું રહેશે.

આ સાથે વિદ્યાર્થીએ ગાઈડ અને જે તે વિભાગના એચ.ઓ.ડી.નો સંતોષકારક કામગીરી માટેનો સતત મૂલ્યાંકન અહેવાલ (Continuous Evaluation Report) દર માસે જમા કરાવવાનો થાય છે. સંતોષકારક મૂલ્યાંકન અહેવાલ કેસીજી ખાતે જમા કરાવ્યા બાદ તેની પ્રમાણભૂતતા ચકાસીને જ સહાયની આગળની રકમ મળવાપાત્ર રહે છે. તથા વિદ્યાર્થીએ યુનિવર્સિટી કક્ષાએ નિયમિત સમયાંતરે યોજાતી રિસર્ચ ડેવલપમેન્ટ કમિટિ (RDC) માં રજૂ કરેલ પ્રોગ્રેસ રિપોર્ટ રિસર્ચ ડેવલપમેન્ટ કમિટિ (RDC) થયા બાદ દિન -૧૫ માં જમા કરાવવાનો રહે છે.

ઉક્ત જોગવાઈ અનુસાર શોધ યોજના અંતર્ગત સ્ક્રુટીની સમિતિ દ્વારા મંજુર કરવામાં આવેલ અરજીઓના પ્રસિદ્ધ થયેલ યાદી અનુસારના વિદ્યાર્થીઓને **જાન્યુઆરી ૨૦૨૦ થી જુન ૨૦૨૦ સુધીના** હાજરી પ્રમાણપત્ર, સતત મૂલ્યાંકન અહેવાલ અને રિસર્ચ ડેવલપમેન્ટ કમિટિ (RDC) માં રજૂ કરેલ પ્રોગ્રેસ રિપોર્ટ નિયત ફોર્મેટમાં mysy.guj.nic.in/shodh પોર્ટલ પર ઓનલાઈન સબમિટ કરાવવા જણાવવામાં આવે છે.

આ માટે વિદ્યાર્થીએ નીચે મુજબની કાર્યવાહી તાત્કાલિક શરૂ કરવાની રહેશે.

૧. શોધ યોજનાના લાભાર્થી વિદ્યાર્થીએ હાજરી પ્રમાણપત્ર અને સતત મુલ્યાંકન અહેવાલ માટે નિયત કરવામાં આવેલ ફોર્મેટ ડાઉનલોડ કરવાનું રહેશે.

૨. શોધ યોજનાના લાભાર્થી વિદ્યાર્થીએ હાજરી પ્રમાણપત્ર અને સતત મુલ્યાંકન અહેવાલમાં દર્શાવેલ વિગતો ભરવાની રહેશે. દર માસ માટે અલગ અલગ વિગતો સ્પષ્ટ રીતે દર્શાવવાની રહેશે.

૩. દર માસ માટે અલગ અલગ ભરવામાં આવેલ હાજરી પ્રમાણપત્ર અને સતત(Continuous) મુલ્યાંકન અહેવાલમાં વિભાગના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ(HOD) અને પી.એચ.ડી. ગાઈડના સહી સિક્કા મેળવવાના રહેશે.

૪. ત્યારબાદ વિદ્યાર્થીએ વિભાગના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ(HOD) અને પી.એચ.ડી. ગાઈડના સહી સિક્કા ધરાવતાં હાજરી પ્રમાણપત્ર અને સતત મુલ્યાંકન અહેવાલ સ્કેન કરીને mysy.guj.nic.in/shodh પોર્ટલ પર લોગીન કરી અપલોડ કરવાના રહેશે.

૫. વિદ્યાર્થીઓ દ્વારા યુનિવર્સિટી કક્ષાએ નિયમિત સમયાંતરે યોજાતી રિસર્ચ ડેવલપમેન્ટ કમિટિ (RDC) માં રજૂ કરેલ પ્રોગ્રેસ રિપોર્ટ પણ આ સાથે સ્કેન કરીને mysy.guj.nic.in/shodh પોર્ટલ પર લોગીન કરી અપલોડ કરવાના રહેશે.

૬. વિદ્યાર્થીઓએ વિભાગના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ(HOD) અને પી.એચ.ડી. ગાઈડના સહી સિક્કા ધરાવતાં હાજરી પ્રમાણપત્ર, સતત મુલ્યાંકન અહેવાલ અને રિસર્ચ ડેવલપમેન્ટ કમિટિ (RDC) માં રજૂ કરેલ પ્રોગ્રેસ રિપોર્ટ તા. ૩૦-૦૭-૨૦૨૦ થી તા. ૧૩-૦૮-૨૦૨૦ સુધીમાં અચૂક અપલોડ કરવાના રહેશે.

૭. વિદ્યાર્થીઓ દ્વારા અપલોડ કરવામાં આવેલ હાજરી પ્રમાણપત્ર, સતત મુલ્યાંકન અહેવાલ અને રિસર્ચ ડેવલપમેન્ટ કમિટિ (RDC) માં રજૂ કરેલ પ્રોગ્રેસ રિપોર્ટનું યુનિવર્સિટી નોડલ ઓફિસર દ્વારા ઉક્ત પોર્ટલ પર ઓનલાઈન વેરીફીકેશન કરવાનું રહેશે.

૮. માત્ર યુનિવર્સિટી નોડલ ઓફિસર દ્વારા વેરીફીકેશન થયેલ વિદ્યાર્થી બાકીના માસ માટે સ્ટાઈપેન્ડ મેળવવા માટે લાયક ગણાશે. ઉક્ત સમયમર્યાદામાં જે વિદ્યાર્થીઓ હાજરી પ્રમાણપત્ર, સતત મુલ્યાંકન અહેવાલ અને રિસર્ચ ડેવલપમેન્ટ કમિટિ (RDC) માં રજૂ કરેલ પ્રોગ્રેસ રિપોર્ટ ઓનલાઈન અપલોડ કરવામાં અસમર્થ રહેશે તેમને આગળના માસના સ્ટાઈપેંડનું ચુકવણું થઇ શકશે નહી અને તેની જવાબદારી જે તે વિદ્યાર્થીની રહેશે તેની ખાસ નોંધ લેવી.

૯. જે સમયે હાજરી અને પ્રોગ્રેસ રીપોર્ટ માન્ય થઈને આવશે તે તારીખથી પુન: સ્ટાઈપેંડ માટે ક્વોલીફાય થતાં પુનઃ ચુકવણું શરુ થશે.

તા. ૨૭/૦૭/૨૦૨૦

પ્રો.એ.યુ.પટેલ 27/7/21
એડવાઈઝર, કેસીજી
પૂર્વ કુલપતિશ્રી
ગુજરાત યુનિવર્સીટી

| SHODH- ScHeme of Developing High Quality Research | | |
|---|---|---|
| **Attendance Certificate to be issued by the Guide and Head of Department** | | |
| 1. | Name of the Student | |
| 2. | Subject | |
| 3. | Name of the Department where the student is Pursuing Ph.D. | |
| 4. | Name of University where the student is Pursuing Ph.D. | |
| 5. | PhD approval (by RDC) date | |
| 6. | Month/Year of attendance | |
| 7. | No. of days attended by student | |
| 8. | Leave taken by student if any | |
| 9. | Percentage of student's attendance of the month | |
| 10. | Reason of Student's leave | |
| 11. | Whether continuation of stipend under SHODH is recommended or not? | |

Name of Guide: ____________________
Designation: ____________________
Institute Name: ____________________
Signature : ____________________

Name of Head of Department: ______________
Institute Name: ____________________
Signature: ______________ Date:____________

Round Seal of Institute

| SHODH- ScHeme of Developing High Quality Research | | |
|---|---|---|
| **Continues Evaluation Report to be issued by the Guide and Head of Department** | | |
| 1. | Name of Student | |
| 2. | Subject | |
| 3. | Name of the Department | |
| 4. | Name of University | |
| 5. | PhD approval (by RDC) date | |
| 6. | Month/Year of attendance | |
| 7. | Continues Evaluation Report of Student During the Month | |
| 8. | Progress of Student | Excellent ☐ Very Good ☐<br>Good ☐ Average ☐<br>Poor ☐ |
| 9. | Whether continuation of stipend under SHODH is recommended or not? | |

Name of Guide: ____________________

Designation: ______________________

Institute Name: ___________________

Mobile No.: _______________________

Email ID: _________________________

Signature: ________________________

Name of Head of Department: ______________

Institute Name: ___________________________

Mobile No.: _______________________

Email ID: _________________________

Signature: _______________ Date: ____________

Round Seal of Institute

Note: RDC Report of the student should be sent.